# GNLUમાં ૬૫૦ સરકારી વકીલોને તાલીમ અપાશે

અમદાવાદ, બુધવાર

ગાંધીનગર સ્થિત ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીમાં ગુજરાતની વિવિધ મેજિસ્ટ્રેટ કોર્ટોમાં આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર તરીકે ફરજ બજાવતા ૬૫૦ વકીલો માટે ત્રિદિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેની શરૂઆત પાંચમી ફેબ્રુઆરીથી કરવામાં આવી છે. ફેબ્રુઆરીથી માર્ચ સુધી ચાલનારી ૧૧ બેચમાં કુલ ૬૫૦ વકીલોને કાયદાની નવા પરિમાણો અંગે તાલીમ આપવામાં આવશે. જેમાં મેડિકલ એન્ડ ફોરેન્સિક એવિડન્સ, ઓથેન્ટિકેશન ઓફ ઈલેક્ટ્રોનિક એવિડન્સ, જુવેનાઈલ જસ્ટિસ, ફૂડ એડલ્ટરેશન એન્ડ ફૂડ સેફ્ટી એક્ટ વગેરે વિષયો પર વિગતવાર માહિતી અને સમજૂતી આપવામાં આવશે.

Scanned by CamScanner